# તલોદના ભાટિયા પાસે ખારી નદી પર ડેમનું કામ સત્વરે શરૂ કરવા માંગ

## બે વર્ષ પૂર્વે ડેમના નિર્માણ માટે ૨.૮૧ કરોડ મંજૂર થયાં હોવા છતાં હજુ સુધી કામ શરૂ ના થતા રોષ : કલેક્ટરને આવેદનપત્ર અપાયું

તલોદ, તા. ૩

સાબરકાંઠાના તલોદ-મજરા રોડ પરના ભાટિયા ગામ પાસે ખારી નદી પર ડેમ બાંધવા સરકારે બે વર્ષ પૂર્વે રૂ. ૨.૮૧ કરોડની રકમ મંજૂર કરી હોવા છતાં હજુ સુધી ડેમનું કામકાજ શરૂ થયું ના હોવાથી આ વિસ્તારના ખેડૂતોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે. આ રોષને પગલે આજે તલોદ-પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ ખેડૂતો સાથે રેલી યોજીને જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી સત્વરે જો ડેમનું કામ શરૂ નહી કરવામાં આવે તો આંદોલન છેડવાની ચિમકી આપી હતી.

બે વર્ષ પહેલા રાજ્ય સરકાર દ્વારા તલોદ તાલુકાના ભાટિયા ગામેથી પસાર થતી ખારી નદી પર ડેમ બંધવા કુલ રૂ. ૨,૮૧,૯૨૦૦૦ મંજૂર કર્યા હતા. આ રકમ મંજૂર કરતા ભાટિયા સહિત આસપાસના ગામના ખેડૂતોમાં આનંદની લહેર પ્રસરવા પામી હતી પરંતુ બબ્બે વર્ષના વ્હાણા વહી જવા છતાં ડેમના નિર્માણનું કામ શરૂ ના થતા ખેડૂતો છેતરાયાં હોવાની લાગણી થવા પામી રહી છે. જો આ ડેમનું નિર્માણ થાય તો આ વિસ્તારની ખેતીને ખૂબ લાભ થાય તેમ છે છતાં કોઈ કારણસર હજુ સુધી કાર્ય શરૂ ના થતા ખેડૂતોમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે. આ કારણે સ્થાનિક ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા આજે ખેડૂતો સાથે મળીને કલેક્ટર કચેરીએ કૂચ કરી ગયાં હતા અને કલેક્ટરને આવેદનપત્ર આપી સત્વરે ડેમનું કામ ચાલુ નહી થાય તો આંદોલન કરવાની ચિમકી પણ આપી હતી.



તસવીર : દશરથ વણઝારા

# અહેમદ પટેલને સુનાવણીનો સામનો કરવા માટેનો હુકમ

નવીદિલ્હી, તા. ૩

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અહેમદ પટેલને આજે સુપ્રીમ કોર્ટે મોટો ફટકો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે અહેમદ પટેલને રાજ્યસભાની ચૂંટણીને લઈને ભાજપના ઉમેદવાર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુનાવણીનો સામનો કરવા માટે આદેશ કર્યો છે.

કોર્ટે પટેલની અરજીને ફગાવતા કહ્યું હતું કે, ૨૦૧૭માં રાજ્યસભા માટે તેમની ચૂંટણીને પડકાર ફેંકતી ભાજપના ઉમેદવાર બળવતસિંહ રાજપૂતની અરજીના સંદર્ભમાં તેમને ગુજરાત હાઈકોર્ટમાં ટ્રાયલનો સામનો કરવો પડશે. સુપ્રીમ કોર્ટે ૨૬મી ઓક્ટોબર ૨૦૧૮ના દિવસે ગુજરાત હાઈકોર્ટના આદેશમાં કોઈ દરમિયાનગીરી કરવાનો ઈન્કાર કર્યો છે. હાઈકોર્ટે એ વખતે કહ્યું હતું કે, રાજપૂતના આરોપો પર સુનાવણી કરવામાં આવે તે જરૂરી છે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ અને જસ્ટિસ સંજય કિશન કોલની બનેલી બેંચે અહેમદ પટેલની અરજીને ફગાવતા કહ્યું હતું કે, સુનાવણી કરવામાં આવે તે જરૂરી છે.

અહેમદ પટેલે હાઈકોર્ટના એવા આદેશને પડકાર ફેંક્યો હતો જેમાં બળવંતસિંહ રાજપૂતની ચૂંટણી અરજી પર વિચારણા કરવા માટે પ્રશ્નો ઉઠાવનાર તેમની અરજી ફગાવી દેવામાં આવી હતી. પોતાની ચૂંટણી અરજીમાં રાજપૂતે ચૂંટણી પંચના એવા ચુકાદાને પડકાર ફેંક્યો હતો જેમાં બે બળવાખોર ધારાસભ્યોના મતને ગેરકાયદે ગણવામાં આવ્યા હતા. ભાજપ નેતાએ કહ્યું હતું કે, તેમના મતોને ગણવામાં આવ્યા હતા. પટેલને ગણાયા હોત તો હારનો સામનો કરવો પડ્યો હોત. અન્ય દલીલો પણ કરવામાં આવી હતી.

# ધાનેરા નગરપાલિકાના સદસ્યએ સત્તાના નશામાં નગરપાલિકાની મંજૂરી વગર બનાવ્યો સીએનજી પમ્પ

ધાનેરામાં નગરપાલિકાના સદસ્યએ નગરપાલિકાની મંજૂરી વગર સીએનજી પમ્પ બનાવી દેતા વિખવાદ સર્જાયો છે અને નગરપલિકા એ આ પમ્પ બનાવનારને નોટિસ પણ આપી છે. તો બીજી તરફ નોટિસ મળ્યાના ત્રીજા દિવસે મંજૂરી માંગવામાં આવી છે ત્યારે પાલિકા પ્રમુખે બાંધકામની ૫૦ ટકા રકમ વસુલ કરી મંજૂરી આપવા જણાવ્યું છે.

ધાનેરા નગરપાલિકાના વોર્ડ નંબર સાતમાંથી ચૂંટાઈ આવેલા ઉમાકાન્તભાઈ ગણપતભાઈ મિસ્ત્રી ધાનેરા નજીક સીએનજી પમ્પ બનાવી રહ્યા છે પરંતુ જ્યારથી આ પંમ્પનું ખાતમહૂર્ત કરવામાં આવ્યું ત્યારથી લઈ આજ દિવસ સુધી વિવાદ જ જોવા મળી રહ્યો છે પહેલા રહેણાંક વિસ્તરના લોકોએ રજૂઆત કરી અને તે બાદ હવે ધાનેરા નગરપાલિકાએ પણ નોટિસ ફટકારી છે કારણકે નગરપાલિકાની મંજૂરી લીધા વગર આખે આખો સીએનજી પમ્પ ઉભો કરી દેવામાં આવ્યો છે. નગરપાલિકા ધ્વરા નોટિસ ફટકારતા પમ્પ સંચાલકોમાં દોડધામ મચી ગઈ છે અને પમ્પ બન્યા પછી ધાનેરા નગરપાલિકા પાસે મંજૂરી માંગવા માટે અરજી કરી છે આ પમ્પ ચાલુ થયા પહેલા જ વિવાદ સર્જાયો છે ત્યારે હવે પમ્પ બનાવ્યા પછી હવે નગરપાલિકા પાસે મંજૂરી માગી છે ત્યારે નગરપાલિકાના પ્રમુખ પણ જણાવી રહ્યા છે કે હું બાંધકામની ૫૦ ટકા રકમ વસુલ કર્યા બાદ જ મંજૂરી આપીશ. અત્યારે તો આ નગરપાલિકાના સદસ્યએ નગરપાલિકાની પરવા કર્યા વગર સીએનજી પમ્પ બનાવી દીધો છે ત્યારે હવે જોવાનું એ રહે છે કે નગરપાલિકા આ સદસ્ય પાસેથી ૫૦ ટકા બાંધકામની રકમ વસુલ કરીને મંજૂરી આપે છે કે પછી આ સદસ્ય તેના પાવરથી સીએનજી પમ્પ ચાલુ કરે છે તે તો સમય જ બતાવશે.




### દિલ્હી આઈઆઈટીનો સાયકલિસ્ટ યુવાન

# પ્રવીણ મલ દેશમાં યુવાજાગૃતિ, મહિલા ઉત્થાન માટે મોડાસાની મુલાકાતે

મોડાસા, તા. ૩

દેશની સેવા તેમજ દેશ માટે કંઈ કરવાની ભાવના ધરાવતા લોકો ખુબ ઓછા હોય છે. દેશ માટે કંઈ પણ કરી છૂટવા માટે અને દેશના યુવાધનમાં દેશ ભક્તિની ભાવના જાગૃત કરવા અને મહિલા ઉત્થાન, નારી સન્માન અને સ્વચ્છ ભારત, નિર્મળ ભારત બનાવવાની ધૂણી ધખાવનાર અને પોતાની કારકિર્દીનો અમૂલ્ય સમય દેશને સમર્પિત કરવાની ભાવના સાથે દિલ્હી આઈ.આઈ.ટી.માંથી ઉચ્ચ અભ્યાસ કરનાર યુવાન સાયકલિસ્ટ ૨૦૧૬થી કારગિલથી તેના અભિયાનની શરૂઆત કરી દેશમાં ૧૯ હજાર કિમિથી વધુ અને કન્યાકુમારી સુધીનો સાયકલ પર પ્રવાસ ખેડનાર પ્રવીણ મલ મોડાસાની મુલાકાતે પહોંચતા ઉષ્માભેર સ્વાગત મોડાસા સરકારી એન્જીનીયરીંગના વિદ્યાર્થીઓએ કર્યું હતું. વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. જીલ્લા કલેક્ટર એમ. નાગરાજનની મુલાકાત કરી હતી.



# શામળાજીના વાઘપુર ગામે આધેડનો દફનાવેલો મૃતદેહ આઠ દિવસ બાદ હત્યાની આશંકાએ બહાર કઢાયો

મોડાસા, તા. ૩

અરવલ્લી જીલ્લાના શામળાજી નજીક આવેલા વાઘપુર ગામે આદિવાસી સમાજના આધેડનું અગમ્ય કારણોસર મોત નિપજતા પરિવારજનોએ મૃતકના મૃતદેહને દફનાવી દીધો હતો. પરિવારજનોએ અંતિમવિધિ કરી દીધા બાદ સગા-સંબંધીઓને મૃતકની હત્યા કરવામાં આવી હોવાની આશંકા પેદા થતા ચકચાર મચી હતી. મૃતકના પુત્રએ શામળાજી પોલીસને જાણ કરતા શામળાજી પોલીસ મોટા કાફલા સાથે આધેડને દફાનાવેલ સ્થળે પહોંચી મૃતદેહ બહાર કાઢી પી.એમ.અર્થે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. પોલીસ દફનાવેલ મૃતદેહ કાઢવા પહોંચતા મોટી સંખ્યામાં મૃતક આધેડના પરિવારજનો અને સગા-સંબંધીઓ સહીત આદિવાસી સમાજના લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા.

શામળાજી પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર શામળાજીના વાઘપુર ગામના પુનાજી કાવાજી બોડાતનું ૨૫ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ નજીક આવેલા કુંડોલ ગામ નજીક કામકાજ અર્થે જતા આજુબાજુના લોકોએ મરણજનાર વ્યક્તિ ચોર હોવાનું માની માર મારતા તેની તબિયત લથડતા તેના પુત્ર રમેશ ભાઈ બોડાતને શામળાજી પોલીસે જાણ કરતા તેમનો પુત્ર ઘરે લઈ ગયો હતો પછી શુ થયું એની કોઈ માહિતી મળી ન હતી. ત્યારે બુધવારે સવારે મૃતકના પરિવારજનોએ મૃતકની હત્યાની આશંકા દર્શાવતા તેમના પુત્રની જાહેરાતના આધારે પંચોની હાજરીમાં મૃતક પુનાજી કાવાજી બોડાતની દફનાવેલા મૃતદેહ બહાર કાઢી અમદાવાદ પી.એમ માટે મોકલી આપી છે. પી.એમ.રિપોર્ટ આવ્યા પછી જ મોતનું સાચું કારણ જાણી શકાશે હાલ તો શામળાજી પોલીસે એ.ડી નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



**ધાનેરામાં પરશુરામ પરિવારે આવેદનપત્ર આપ્યું**

તાજેતરમાં થયેલ વારાહી ગામમાં બાહ્મણ પરિવાર હુમલા બાબતે ગુજરાત માં ઘેરા પર્યત્યાઘાત પડ્યા છે દરેક શહેરમાંથી હિન્દૂ સમાજ દ્વારા આવેદનપત્ર આપીને આવા લોકો પર એક્સન લેવાની માગણી કરવામાં આવી છે ધાનેરા ખાતે આજે લાલચોકથી વિશાળ જનમેદની એકઠી થઈ હતી જય શ્રી રામના નારા સાથે હજાર લોકોએ આ સમગ્ર ઘટનાને વખોડી હતી પરશુરામ પરિવાર ના બેનર હેઠળ તમામ સમાજના લોકો ભેગા થઈને ધાનેરા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને સાથોસાથ આ લોકો સામે સખત કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી આ રેલીમાં હાજર લોકોમાં આ ઘટનાના પરિણામે રોષ વ્યાપી ગયો હતો અને દરેક લોકો સામે તત્કાલ પગલાં ભરવાની તાકીદ કરવામાં આવી હતી.

## જિલ્લા ખરીદ વેચાણ સંઘના કર્મચારીના ૫૦ હજારના મોબાઈલ ચોરાયા

હિંમતનગર, તા. ૩

હિંમતનગરના ટાવરચોક પાસે આવેલ સાબરકાંઠા જિલ્લા ખરીદ વેચાણ સંઘમાં ફરજ બજાવતા એક કર્મચારીના રૂ. ૫૦ હજારની કિંમતના બે મોબાઈલની એક અજાણ્યો યુવાન ચોરી કરી લઈ ગયાની ફરીયાદ બુધવારે હિંમતનગર બી.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે મિતેશકુમાર જીતેન્દ્રભાઈ પટેલે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૮ ડિસેમ્બરના રોજ જિલ્લા ખરીદ વેચાણ સંઘમાં આવીને કહ્યું હતું કે બહાર મારો ભાઈ ઉભો છે. જેથી બે મોબાઈલ લઈને બતાવવા ગયા બાદ પરત ન આવતા તરત જ મિતેશકુમાર પટેલે તપાસ કરી હતી. પરંતુ આ અજાણ્યો શખ્સ આસપાસના વિસ્તારમાં ન દેખાતા આખરે તેમણે આ અજાણ્યા શખ્સ વિરૂદ્ધ હિંમતનગર બી.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં છેતરપીંડી અને વિશ્વાસઘાત સબબ ફરીયાદ નોંધાવી હતી.

# ભિલોડા પોલીસે પેટ્રોલીંગ દરમિયાન એક લાખથી વધુનો વિદેશી દારૂ ઝડપી લીધો

ભિલોડા,તા. ૩

ભિલોડા પોલીસએ પેટ્રોલીંગ દરમ્યાન રૂા.૧,૧૬,૪૦૦/- નો વિદેશી દારૂ ઝડપી લીધો પરંતુ બુટલેગરો પલાયન મહિન્દ્રા ટી.યુ.વી. કાર સહિત કુલ મુદ્દામાલ રૂા.૪,૧૬,૪૦૦/- નો ઝડપી લેવામાં ગણનાપાત્ર કેસ શોધવામાં પોલીસને સફળતા મળેલ છે. બુટલેગરો ધ્વારા પરપ્રાંતિય વિદેશી દારૂ ઘુસાડવા માટે બુટલેગરો અવનવા કીમીયા અપનાવી પરપ્રાંતિય ભારતીય બનાવટનો વિદેશી દારૂ પ્રતિબંધીત વિસ્તારમાં વિદેશી દારૂ ઘુસાડવા માટે બુટલેગરો જાણે કે ભુરાટા થઈ ગયા હોય તેમ ચર્ચાય છે. ગાંધીજીના ગુજરાતમાં દારૂ બંધીનો ફાયદો ઉઠાવી વિદેશી દારૂનો ગેરકાયદેસર ધંધો કરતા બુટલેગરો યુવાધનને બરબાદી તરફ ધકેલી રહ્યા છે. વિદેશી દારૂની માંગ ઠંડીના કારણે દિન-પ્રતિ-દિન વધતાં ઠેર-ઠેરથી વિદેશી દારૂ પોલીસ ધ્વારા ઝડપાઈ રહ્યો છે.બુટલેગરોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

અરવલ્લી જીલ્લાની સરહદો પરથી ઘુસાડાતો વિદેશી દારૂ અટકાવવા પોલીસ તંત્રને કાર્યવાહીના આદેશ અપાતાં પોલીસ તંત્ર એલર્ટ બની ગયું છે.પોલીસએ લાલ આંખ કરતાં બુટલેગરોમાં તો જાણે કે ભારે ફફડાટ ફેલાઈ રહ્યો છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એમ.આર. સંગાડા અને પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ટોરડા ગામ પાસે આવેલ ધોરીમાર્ગ ઉપરથી પસાર થઈ રહેલ મહિન્દ્રા ટી.યુ.વી. કાર નંબર.જી.જે.૦૧. આર.વી. ૧૪૩૭ માંથી પોલીસની નાકાબંધી દરમ્યાન વિદેશી દારૂ ઝડપાયો હતો.

કારમાંથી ઓફીસર ચોઈસ વિસ્કી અને બેગપાઈપર વિસ્કીની કુલ બોટલ નંગ.૪૯૨ કિંમત રૂા.૧,૧૬,૪૦૦/- કારની કિંમત રૂા.૩,૦૦,૦૦૦/- કુલ મુદ્દામાલની કિંમત રૂા.૪,૧૬, ૪૦૦/- નો મુદ્દામાલ પોલીસ ધ્વારા કબજે કર્યો હતો. કાર ચાલક તથા તેની સાથેનો બીજો ઈસમ પોલીસની રેડ દરમ્યાન પલાયન થઈ ગયા છે.




## ગાંધીનગર રાવત સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાશે

ગાંધીનગર રાવત વિકાસ મંડળ ગાંધીનગર દ્વારા શહેરમાં વસવાટ કરતા સમાજના બંધુઓની પરિચય પુસ્તિકા, સંપર્કસેતુનું વિમોચન તેમજ સમાજના સરપંચશ્રીઓના/નવ નિયુક્ત અને નિવૃત્ત સરકારી કર્મચારીનું સન્માન સાથે નવા વર્ષનું સ્નેહમિલન કાર્યક્રમ આગામી તા. ૬ જાન્યુઆરીને રવિવારના રોજ સવારે ૯ કલાકે સે. ૧૨ આંબેડકર હોલ ખાતે યોજાશે. સમારોહના અધ્યક્ષ તરીકે પૂર્વ ધારાસભ્ય અને જાખોરા ગામના વતની પૂનમભાઈ મકવાણા, સમારંભના ઉદ્‌ઘાટક તરીકે પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ, સિદ્ધપુરના રાવત મંદિરના ગાદીપતિ પૂજ્ય મહંત પ્રકાશબાપુ, કૈયલ મેલડી ધામના પૂજ્ય રમણમાડી આર્શીવચન માટે હાજર રહેશે.




**ડીસા ખાતે જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં ૨૯૦૦ લાભાર્થીઓને સહાય**

બનાસકાંઠાના ડીસા ખાતે ગતરોજ જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો ગુજરાત સરકારના મંત્રી પરબતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે મંત્રી પરબતભાઈ પટેલ તેમજ અને ઉપસ્થિત મહેમાનોના હસ્તે લાભાર્થીઓને હાથોહાથ સરકારી સહાયનું વિતરણ કરાયું હતું. ગુજરાત સરકાર દ્વારા ગરીબોના કલ્યાણ માટે ફરી ગરીબ કલ્યાણ મેળાઓનો રાજ્યવ્યાપી દૌર શરૂ કરાયો છે. ત્યારે ગતરોજ ડીસા ખાતે યોજાયેલા જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં બનાસકાંઠા જિલ્લાના ૨૯૦૦ જેટલા લાભાર્થીઓને અંદાજિત એક કરોડ ચાલીસ લાખ સિત્તેર હજાર રૂપિયાની કિંમતની રોકડ તેમજ સાધન સહાયનું વિતરણ કરાયું હતું. સરકાર દ્વારા આજે યોજવામાં આવેલા આ ગરીબ કલ્યાણ મેળામાં પ્રેશર કુકર, માનવ ગરિમા યોજના, માં વાત્સલ્ય યોજના, કૌશલ્ય તાલીમ અને સાધન સહાય યોજના, માનવ કલ્યાણ યોજના જેવી વિવિધ યોજના અંતર્ગત લાભાર્થીઓને રોકડ તેમજ સાધન સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## દિલધડક ઓપરેશન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંકોચીને બેસાડવામાં આવેલા એઓર્ટીક સ્ટેન્ટ ગ્રાફટને એઆર્ટામાં પહોળો કરીને બેસાડી દેવામાં આવ્યો હતો.જયારે ૮ મીલીમીટરનો વ્યાસ ધરાવતી નળીનો વ્યાસ ૩૬ મીલીમીટર થઈ ગયો હતો.દર્દીના શરીરની ફાટી ગયેલી મહાધમની અંદર એક ઉત્તમ કક્ષાની કૃત્રિમ નળી બેસાડી દેવામાં આવી જયારે આટલુ મોટુ અને જટીલ ઓપરેશન માત્ર સાથળમાં પંચર કરીને સફળરીતે પાર પાડ્યુ હતુ. ડો સુકુમાર મહેતાએ જણાંવ્યુ હતુ કે ઓપન સર્જરીમાં દર્દીને મોટુ જોખમ રહેતુ હોય છે. જયારે ઓપરેશન પણ ૮ થી ૧૦ કલાક ચાલે છે. જયારે ઓપરેશન દરમિયાન ૧૦ થી ૨૦ થેલી લોહીની પણ જરૂર પડે છે. પરંતુ એન્ડો વોસ્કયુલર ટેકનિકની મદદથી જોખમ વિના આ ઓપરેશન પુર્ણ કરવામાં આવ્યુ હતુ . આશ્કાના અમિત શેલત તેમજ ડો અંકિત સલોતે આ અંગે માહીતી આપતા જણાંવ્યુ હતુ કે ઓપરેશન દરમિયાન ઈમરજન્સી ટીમ પણ તૈયાર રહી હતી. જયારે ઓપરેશન માટે હોસ્પિટલમાં અદ્યતન સાધન સામગ્રી પણ ઉપલબ્ધ રાખવામાં હતી.

## મેળાની સાથે સાથે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

- ગરીબ કલ્યાણ મેળામાં જિલ્લા પંચાયત પ્રમુખ, મેયર અને ડે. મેયરની ગેરહાજરી ચર્ચાનો મુદ્દો હતી.
- ગરીબ કલ્યાણ મેળામાં શહેર ભાજપના હોદ્દેદારો દેખાયા ન હતા તેમજ મોડે મોડે બે હોદ્દેદારો આવ્યા હતા.
- ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓને કીટ વિતરણ માટે ભાજપના આગેવાનોને પણ આગળ કરવામાં આવતાં એક તબક્કે અધિકારીઓ સાવ ખૂણામાં ધકેલાઈ ગયા હતા.
- ગરીબ કલ્યાણ મેળાના ડાયસ પર પણ મંત્રીશ્રીએ આયુષ્યમાન ભારતને લઈ અધિકારીઓ પાસેથી વિગતો માંગી હતી.
- ગરીબ કલ્યાણ મેળામાં ઉભા કરાયેલા સ્ટોર્સ પર કલેક્ટર લાંગા, જિલ્લા વિકાસ અધિકારી કોયા, કમિશ્નર ડૉ. રતનકંવર ગઢવીચારણ, અધિક નિવાસી કલેક્ટર જાડેજા, પ્રાંત અધિકારી નેહાકુમારી તેમજ ઋતુરાજ દેસાઈએ મુલાકાત લઈ લાભાર્થીઓને મળી વાતો કરી હતી.
- આજના ગરીબ કલ્યાણ મેળામાં મહેમાનોના આગમન પૂર્વે મનુષ્ય ગૌરવ ગાન પ્રસ્તુત થઈ ગયુ હતુ.
- મેળાના લાભાર્થીઓને ગાંઠીયા-બુંદીના ફુડપેકેટ્‌સ અપાયા હતા.

## બંધ હિંસક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સીપીએમના કાર્યકરો સાથે અથડામણ થઈ હતી. થિસુરમાં ભાજપના ત્રણ કાર્યકરોને છુરાબાજીમાં ઈજા થઈ હતી. સ્થિતિ ખુબ જ વણસી ગઈ છે. મહિલાઓના પ્રવેશને લઈને જોરદાર વાંધો ઉઠાવામાં આવી રહ્યો છે. સબરીમાલા વિવાદ પર કેરળના મુખ્યમંત્રી વિજયને કહ્યું છે કે, મહિલાઓને સુરક્ષા આપવાની તેમની જવાબદારી રહેલી છે. સરકાર બંધારણીય જવાબદારી અદા કરવ માટે તૈયાર છે. સંઘ પરિવારના લોકો સબરીમાલાને યુદ્ધ સ્તરમાં ફેરવી દેવા ઈચ્છુક છે. કેરળ સરકાર દરરોજ કોઈને કોઈ લોકોને મોકલીને પરમ્પરા સાથે રમત રમી રહી હોવાનો આરોપ શ્રદ્ધાળુઓ દ્વારા કરવામાં આવે છે. આ તહેવારની સિઝન છે. દરરોજ મંદિરમાં એકથી બે લાખ લોકો આવે છે પરંતુ સરકારની કાર્યવાહીના લીધે સંખ્યા ઘટીને ૧૦થી ૧૨ હજાર થઈ ગઈ છે. કેટલાક સંગઠનો દ્વારા આજે રાજ્યવ્યાપી બંધની હાકલ કરવામાં આવી હતી. બંધ દરમિયાન કેટલાક વિસ્તારોમાં હિંસા ભડકી ઉઠી હતી. જેમાં એક વ્યક્તિનુ મોત થયુ હતું. ભાજપે બંધને ટેકો આપ્યો હતો. હડતાળ અને બંધના કારણે જનજીવનને અસર થઈ હતી. બંધને ધ્યાનમાં લઈને પોલીસે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યુ હતુ કે ૧૦-૫૦ વર્ષની મહિલાઓને મંદિરમાં પ્રવેશ કરવાથી રોકી શકાય નહીં. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદથી મંદિરમાં પ્રવેશ કરવા માટેના સતત પ્રયાસ મહિલાઓ દ્વારા કરવામાં આવી રહ્યા હતા. શ્રદ્ધાળુઓ દ્વારા હજુ સુધી કોઈ મહિલાને પ્રવેશની મંજુરી આપી નથી. જો કે આ બે મહિલાના દાવાથી હોબાળો મચી ગયો હતો. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ પણ કોઈ પણ પ્રતિબંધિત મહિલા અયપ્પાના દર્શન કરવામાં સફળ રહી નથી.

## ગરીબી હટાવો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કર્યા હતા. પંજાબના લોકોને સંબોધતા તેમણે કહ્યું હતુ કે, સાડા ત્રણ દશકથી રમખાણોના પીડિત લોકો હજુ ન્યાય માટે રાહ જોઈ રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે, જે લોકોના ઈતિહાસ હજારો શીખ ભાઈ-બહેનોની હત્યાના છે તે જ લોકો આજે પણ રમખાણોના આરોપીને મુખ્યમંત્રી પદના એવોર્ડ આપી રહ્યા છે. આવા લોકોને પંજાબ સહિત દેશભરના લોકો ધ્યાનમાં રાખે તેની અપીલ મોદીએ કરી હતી. મોદીએ કહ્યું હતું કે, દેશ એવા લોકોથી સાવધાન રહે જે લોકોનો ઈતિહાસ રાષ્ટ્રીય સુરક્ષાને ખતરામાં મુકનાર રહ્યો છે. શીખ રમખાણોની તપાસને લઈને મોદીએ કહ્યું હતું કે, પહેલા દેશમાં એક રાજકીય પાર્ટીના ઈશારા ઉપર આરોપીઓને સજ્જન બતાવીને ફાઈલો દબાવી દેવામાં આવતી હતી પરંતુ વર્તમાનની એનડીએ સરકારે સત્તામાં આવતાની સાથે જ તપાસ માટે એસઆઈટીની રચના કરી હતી અને પરિણામ આજે લોકો જોઈ રહ્યા છે. કોંગ્રેસ પર જુઠ્ઠાણા અને છેતરપિંડીની રાજનીતિ કરવાનો આક્ષેપ કરતા વડાપ્રધાને કહ્યું હતું કે, ખેડૂતોની વર્ષોની માંગ હતી કે, સ્વામીનાથનની ભલામણોને લાગૂ કરવામાં આવે પરંતુ કોંગ્રેસ પાર્ટીએ આને અમલી કરી ન હતી. એનડીએ સરકાર આવ્યા બાદ આને અમલી કરીને ખેડૂતોના સમર્થન મૂલ્ય દોઢ ગણા કરી દેવામાં આવ્યા છે. જે લોકો દશકો સુધી લઘુત્તમ સમર્થન મૂલ્ય પર નિર્ણય ટાળી રહ્યા હતા તેઓ આજે ખેડૂતોને ખોટા વચનો આપી રહ્યા છે. કોંગ્રેસે ૨૦૦૯માં ખેડૂતોને આવા જ વચન આપ્યા હતા. ખેડૂતોએ તમામ બાબત જાણીને પણ કોંગ્રેસ પાર્ટી ઉપર વિશ્વાસ કરી લીધો છે. ખેડૂતોએ વિશ્વાસ કરીને કોંગ્રેસને જીત અપાવી હતી પરંતુ આ વિશ્વાસની સજા પંજાબના ખેડૂતો આજે ભોગવી રહ્યા છે. ખેડૂતોને હાલમાં નોટિસ ફટકારવામાં આવી રહી છે. ખેડૂતોની લોન માફી થઈ નથી. ખેડૂતો વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. ૨૦૦૯માં ખેડૂતો પર છ લાખ કરોડ રૂપિયાનું દેવું હતું પરંતુ લોન માફીના વચન સાથે સરકારમાં આવેલી કોંગ્રેસે પસંદગીના લોકોની લોન માફ કરી છે. દેશની જેમ જ પંજાબમાં પણ ખેડૂતોની લોન માફ કરવાની વાત કરવામાં આવી હતી પરંતુ આજે દોઢ વર્ષ બાદ પણ વાસ્તવિકતા શું છે તે તમામ લોકો જાણે છે. ખેડૂતો આંદોલન કરી રહ્યા છે. કોંગ્રેસે અગાઉ પણ આવા લોકોની દેવા માફી કરી હતી જે ખેડૂત ન હતા.

## સ્પેશ ક્રાફ્ટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૩૧ જાન્યુઆરી નક્કી કરવામાં આવી છે. આ પહેલાં ઈસરોએ ૨૦૦૮માં ચંદ્રયાન-૧ મોકલ્યું હતું. તેણે ચંદ્રની પરિક્રમા કરીને ત્યાંની ધરતી પર પાણી હોવાની પુષ્ટી કરી છે.

ચંદ્રયાન-૨નું પહેલેથી નક્કી કરવામાં આવેલું વજન વધી ગયું છે. તે કારણથી આ યાન હવે જીએસએલવીથી લોન્ચ નહીં કરી શકાય. તે માટે જીએસએલવી-મેક-૩માં ફેરફાર કરવામાં આવ્યો છે. તે જીએસએલવી-મેક-૩-એમ૧ કહેવાશે.

## ગરમાગરમ ચર્ચા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકાર બનાવવાના પ્રયાસ કર્યા હતા. છેલ્લા ચાર વર્ષના ગાળામાં યુદ્ધવિરામનો સૌથી વધુ વખત ભંગ કરવામાં આવ્યો છે. સ્થાનિક નાગરિકોને સૌથી વધારે નુકસાન થયું છે. ચાર વર્ષમાં ત્રાસવાદી ઘટનાઓ ચરમસીમા ઉપર પહોંચી ચુકી છે. યુદ્ધવિરામના ભંગમાં સૌથી વધારે શહેરી લોકો આ ચાર વર્ષના ગાળા દરમિયાન માર્યા ગયા છે. તમામ મોરચા પર નિષ્ફળતા કાશ્મીરમાં હાથ લાગી ત્યારે પીડીપી સરકારને ટેકો પાછો ખેંચી લેવામાં આવ્યો હતો. આઝાદે કહ્યું હતું કે, ક્ષેત્રિય પાર્ટીઓ સમર્થન પરત લે છે પરંતુ અહીં કેન્દ્ર સરકારે ટેકો પાછો ખેંચ્યો હતો. આના જવાબમાં જેટલીએ કહ્યું હતું કે, કાશ્મીરમાં જે અલગ અસ્તિત્વની કલ્પના કરવામાં આવી હતી તે ૭૦ વર્ષમાં અલગતાવાદ તરફ વધી છે જે વચન કોંગ્રેસે આપ્યા હતા તેની કિંમત દેશના લોકો હજુ ચુકવી રહ્યા છે. સત્તામાં આવ્યા બાદ ઈતિહાસ તરફ ધ્યાન અપાયું ન હતું. ૧૯૫૭, ૧૯૬૨, ૧૯૬૭માં જમ્મુ કાશ્મીરમાં ચૂંટણી કઈ રીતે થતી હતી તેને લઈને અનેક લોકો લેખ લખી ચુક્યા છે. ૧૯૪૭માં જ્યારે સરહદ પારથી હુમલો કરાયો ત્યારે પ્રજા પરિષદના લોકોએ યોગદાન આપ્યું હતું.

## એઈમ્સ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ હશે. એઈમ્સના કારણે રોજગારીની વિપુલ તકો ઉભી થશે, સાથે સાથે મેડિકલ અને સર્જિકલની નવી ઈન્ડસ્ટ્રીઝને વેગ મળશે. એઈમ્સના આસપાસના ૫૦ કિલોમીટરથી વધુના વિસ્તારમાં રોડ, પાણી અને વીજળીની અસરકારક સુવિધા ઉપલબ્ધ બનાવાશે. ગુજરાત રાજ્યમાં ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેડીકલ સાયન્સ (એઈમ્સ) માટે ઘણા સમયથી માંગ સાથે વિવાદ પણ રહ્યો હતો. જેમાં વડોદરા અને રાજકોટનાં સ્થળ વિવાદ સહીત જસદણની પેટાચૂંટણી વખતે પણ જાહેરાતનો વિવાદ થયો હતો. આમ છતાં વર્ષો બાદ સૌરાષ્ટ્રવાસીઓની માંગ સંતોષાતા રાજકોટમાં એઈમ્સ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ અંગે કેન્દ્ર સરકાર દ્વારા વિધિવત્‌ મંજૂરી આપવામાં આવી છે.